અખબારી યાદી

# આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વેવલા બ્રાન્ડ ભારતમાં રજૂ કરે પોતાની કેશ તેલ શ્રેણી

- *એક છત હેઠળ પ્રીમિયમ કેશ તેલોની વ્યાપક શ્રેણી પ્રદાન કરવાનું વચન*
- *વેવલા દરેક સ્ત્રીની શ્રેષ્ઠ સખી તરીકે ઊભરશે*

**મુંબઈ, ૬ જાન્યુઆરી, ૨૦૧૦:** હર્બલ પ્રોડક્ટ્સની અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર બજાજ હર્બલ્સ પ્રા. લિ.એ પોતાની અગ્રણી કેશ તેલ બ્રાન્ડ વેવલા સાથે આજથી ભારતીય કેશ સંભાળ ઉદ્યોગમાં પ્રવેશ કર્યો છે. ભૂતપૂર્વ મિસ એશિયા પેસિફિક સુંદરી દિયા મિરઝાએ મુંબઈમાં એક ઝાકઝમાળભર્યા સમારંભમાં વેવલા કેશ તેલોની પ્રીમિયમ શ્રેણી આજે રજૂ કરી હતી. તે વેવલાની બ્રાન્ડ એમ્બેસેડર પણ છે. વેવલાનો હર્બલ વાળ સંભાળ ઉત્પાદના ઉત્પાદનમાં વ્યાપક અનુભવ છે અને વૈશ્વિક બજારમાં અગ્રણી ખેલાડી તરીકે ઊભરી આવવા સાથે હવે કેશ તેલની અને અન્ય કેશ સંભાળ ઉત્પાદોની પોતાની વ્યાપક શ્રેણી સાથે ભારતીય વાળ સંભાળ ઉદ્યોગમાં પ્રવેશ કરવા માટે સજ્જ છે.

વૈજ્ઞાનિક સંશોધન સાથે નિસર્ગની સારપનું સંમિશ્રણ આપવાનું વચન આપતાં વેવલા કેશ તેલો પાંચ આકર્ષક પ્રકારોમાં ઉપલબ્ધ થશે:

- **વેવલા આમલા કેશ તેલ:** તે એસ૩+થી યુક્ત છે. વાળનાં મૂળને જાગૃત કરીને વાળને રેશમી, ચમકદાર અને મજબૂત બનાવે છે.
- **વેવલા આલ્મંડ કેશ તેલ:** આ નવસંચાર આપતી ફોર્મ્યુલા છે, જે વાળને ખરતા અટકાવવા સાથે મજબૂત અને જાડા બનાવે છે.
- **વેવલા ઓલાઈવ કેશ તેલ:** તે વાળનાં મૂળમાં નવસંચાર ભરે છે, જેથી વાળ સુંદર અને આરોગ્યવર્ધક દેખાય છે.
- **વેવલા કલર લોક કેશ તેલ:** વાળના રંગને લાંબા સમય સુધી જાળવી રાખે છે, જ્યારે તેની અંદરનાં લસણનું સત્ત્વ પોષણ આપે છે, જેને લીધે વાળ એકદમ સુંદર રહે છે.
- **વેવલા યુક્ત કોપરેલ કેશ તેલ:** વાળના પાયાને મજબૂત બનાવે છે અને તેથી ટાલની ત્વચા આરોગ્યવર્ધક રહે છે અને વાળ સક્રિય રહે છે.

- **વેવલા હીના વાળ રંગ:** વાળને સુંદરતા બક્ષે છે. તેમાં નૈસર્ગિક હર્બ્સ છે, જે વાળને મૂળિયાંથી ઉપરની ત્વચા સુધી પરિપૂર્ણ પોષણ આપે છે.

દરેક સમકાલીન સ્ત્રીની શ્રેષ્ઠ સખી બનવા આતુર વેવલાના દરેક પ્રકાર આધુનિક જરૂરિયાતોને અનુરૂપ ખાસ રીતે તૈયાર કરાયા છે. તે નવીન અને ઉત્તમ ડિઝાઈનનાં પેકેજમાં મળે છે, જે નૈસર્ગિક તત્ત્વોની સારપને જાળવી રાખે છે. વેવલા કેશ તેલ રૂ. ૧૬થી રૂ. ૮૫ની વાજબી કિંમત શ્રેણીમાં ૫૦ મિલિથી ૩૦૦ મિલિનાં કન્ઝયુમર પેકમાં ઉપલબ્ધ થશે.

હાલ રૂ. ૮૬૮૩ કરોડ*નું ભારતીય વાળ સંભાળ ક્ષેત્ર કેશ તેલ અને શેમ્પૂના વેચાણમાં વૃદ્ધિ સાથે ૧૭ ટકા મૂલ્ય વૃદ્ધિ પામશે એવો અંદાજ છે. કેશ તેલ ઉદ્યોગ વાળ સંભાળ ક્ષેત્રમાં મુખ્ય ભૂમિકા ભજવે છે અને હાલ તેનું મૂલ્ય રૂ. ૨૮૦૦ કરોડ* છે. ભારતીય વાળ સંભાળ ઉદ્યોગમાં તેણે પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી છે અને ભારતીય ગ્રાહકોનો વાળ સંભાળ પર વધુ ખર્ચમાં કેશ તેલોનો સમાવેશ થાય છે. વધતી વસતિ અને કેશ ઉત્પાદોની વધતી માગ સાથે બજાર વધુ વૃદ્ધિ પામશે.

આ રજૂઆત પ્રસંગે બોલતાં બજાજ હર્બલ્સ પ્રા. લિ.ના એમ.ડી. શ્રી સંજય બજાજે જણાવ્યું હતું કે વેવલા કેશ તેલો સાથે ભારતીય વાળ ઉદ્યોગમાં પ્રવેશ એ બજાજ હર્બલ્સના ઈતિહાસમાં નોંધનીય સિદ્ધિ છે. વેવલા કેશ તેલોની રજૂઆત સાથે શ્રેણીના પરિપ્રેક્ષ્યનું પુનરાવર્તન કરવાની અને ગ્રાહકો જ્યાં નોખું જોતા હોય તેવા મોડેલો રજૂ કરવાની અમને તક મળી છે. ભારતીય સ્ત્રી આજે બદલાઈ રહી છે. એ જ રીતે તેની ધારણાઓ અને સુંદરતાની જરૂરિયાતો પણ બદલાઈ રહ્યાં છે. આજે તે જેટયુગ સાથે ચાલી રહી છે ત્યારે તે ઉપયોગમાં લેતી બધાં ઉત્પાદમાં આધુનિકતા ચાહે છે અને વેવલા આજની સ્ત્રીની બદલાતી જરૂરિયાતને અનુરૂપ રીતે પહોંચી વળતી વિસ્તૃત ઉત્પાદ શ્રેણી આપે છે.

વેવલા સાથે જોડાણ વિશે બોલતાં બ્રાન્ડ એમ્બેસેડર દિયા મિરઝાએ જણાવ્યું હતું કે બજાજ હર્બલ્સ સાથે જોડાવાનો મને બેહદ આનંદ છે. હું એન્ડોર્સ કરવા માગું તે બ્રાન્ડની પસંદગીની બાબતમાં ચીવટ છું. હું જે બ્રાન્ડ સાથે સંકળાઉં તે મને પસંદ હોય તેનું પણ ધ્યાન રાખું છું. સુંદરતા સાથે સંકળાયેલી હોવાથી મારા કેશને નિયમિત ભરપૂર સ્ટાઈલિંગ અને રાસાયણિક ઉપચારોમાંથી પસાર થવું પડે છે. આવા સંજોગોમાં વેવલા આમલા કેશ તેલ વ્યસ્તતા વચ્ચે પણ સુવિધાજનક રીતે મારા વાળની સંભાળ રાખવા માટે મને મદદરૂપ થાય છે. લોકો મને હંમેશાં મારા રેશમી અને મુલાયમ વાળ પાછળનું રહસ્ય પૂછતા હોય છે અને મારો જવાબ એક જ હોય છે કે

વાળનાં મૂળ મજબૂત રાખવા નિસર્ગ પર આધાર રાખો. મેં આ ઉત્પાદ અજમાવ્યું છે અને તેનાથી ખરેખર મારા વાળ મજબૂત, રેશમી અને ચમકદાર બની ગયા છે.

કેશ તેલ પારંપરિક ભારતીય જીવનશૈલીનો આંતરિક હિસ્સો છે અને મહિલાની પેઢી દર પેઢી વાળને મજબૂત અને આરોગ્યવર્ધક રાખવા માટે નૈસર્ગિક લાભો પર આધાર રાખે છે. વેવલામાં સક્રિય નૈસર્ગિક ઘટકો છે, જે વાળને પોષણ આપે છે અને ખરાબ હવામાનને કારણે વાળને થતા નુકસાન સામે સુરક્ષા આપે છે. વેવલા કેશ તેલ ગાઢ બજાર સંશોધનનું પરિપાક છે, જે ગ્રાહકોમાં વિશેષ કેશ તેલ માટેની જરૂરતને સંકેત છે.

ભારતભરમાં રજૂઆત સાથે વેવલા કેશ તેલો દેશભરનાં અગ્રણી આઉટલેટ્સ પર ઉપલબ્ધ છે. વેવલા નજીકના ભવિષ્યમાં વાળ સંભાળ પોર્ટફોલિયોને વધુ ઉત્તમ તરીકે સ્થાપિત કરશે.

ઉત્પાદની વધુ વિગતો માટે કૃપા કરીને કંપનીની વેબસાઈટની મુલાકાત લો:
http://www.bajajgroups.com/

## બજાજ હર્બલ્સ પ્રા. લિ. વિશે

૧૯૯૮માં સ્થપાયેલી બજાજ હર્બલ્સ પ્રા. લિ. આંતરરાષ્ટ્રીય વેપારમાં વિસ્તૃત શ્રેણીનાં ઉત્પાદની ઉત્પાદક અને નિકાસકાર તરીકે ઓળખાય છે. હાલમાં ૧૫ મિલિયન ડોલરની કંપની બજાજ હર્બલ્સ પ્રા. લિ. ખાસ કરીને નિકાસ અભિમુખ વેપાર ગૃહ છે, જે ઉદ્યોગમાં કેશ સંભાળ, અંગત સંભાળ અને ખાદ્ય ઉત્પાદોની વ્યાપક શ્રેણીની ઉત્પાદક અને નિકાસકાર તરીકે સંકળાયેલી છે. બજાજ હર્બલ્સનું મિશન છે નવીન અને ગુણવત્તાયુક્ત હર્બલ ઉત્પાદો પ્રદાન કરવાનું. ગ્રુપનો ગુજરાતના અમદાવાદમાં અત્યાધુનિક ઉત્પાદન પ્લાન્ટ છે અને યુરોપ, મધ્ય પૂર્વ તથા આફ્રિકાની બજારોને સેવા આપવા માટે શારજાહ એફઝેડઈ (યુનાઈટેડ આરબ અમીરાત)માં કચેરીઓ છે.
**સ્રોત નીલસેન અહેવાલ ૨૦૦૯*

## વધુ માહિતી માટે કૃપા સંપર્ક:

હેન્મર એમએસ એન્ડ એલ કોમ્યુનિકેશન્સ
કરિશ્મા શાહ/ અમાંદા મેન્ડોઝા
9819947973 / 9833618458
karishma@hanmermsl.com / amanda@hanmermsl.com